॥ श्री गणेशाय नमः ॥

॥ श्रीः ॥

॥ श्री महाकाली प्रसन्नास्तु ॥


॥ श्रीकालिकाध्यानम् ॥
खड्गोद्भासितदक्षिणोर्ध्वभुजकां
वामे व चर्मान्विताम्
सव्यनोद्धृतबालकामपरतो मुद्रां
वराख्याम् शुभाम् ।
बिभ्राणां, नयनत्रयेण लसितां,
सिहस्थिताम् श्यामलां,
वन्देऽस्मत्कुलदेवताम् सकरुणां
श्रीकालिकां मातरम् ॥

# ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ


સ્થાપના : ૧૦-૮-૧૯૯૭

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)નું મુખપત્ર**





વર્ષ : ૧૬ અંક : ૧૮૫ તા.૧૫-૦૬-૨૦૨૫ કિંમત : રૂા.૨-૦૦

દર ૧૫ તારીખે પ્રસિદ્ધ થતું માસિક
તંત્રી : શ્રી ભરતભાઈ સી. શેઠ

RNI NO.GUJGUJ/2009/30908. Postal Reg. No. GUJ/474/2021-2023 Valid up to 31-12-2023

PUBLICATION ON DATE OF 15th EVERY MONTH




**અમદાવાદ ખાતે થયેલા વિમાન ક્રેશમાં અવસાન પામેલ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા બીજા દિવંગતોના આત્માને પ્રભુ ચીર શાંતિ આપે તથા તેમના પરિવારજનો પ્રત્યે અમારી સંવેદના વ્યક્ત કરીએ છીએ.**

## ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) સંલગ્ન ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ દ્વારા દર વર્ષે ધો-૧૦ તથા ધો-૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહ તથા વિવિધ વિદ્યાશાખાઓના ઓછામાં ઓછા ચાર વર્ષ પૂર્ણ કરેલ ગ્રેજ્યુએટસ્ કોર્સ તથા પોસ્ટ ગ્રેજ્યુએટસ્ કોર્સ તથા રાજ્ય કે રાષ્ટ્રીય રમત ગમતમાં મેડલ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોનું સન્માન કરવામાં આવનાર છે. આગામી કાર્યક્રમ અમદાવાદ ખાતે નીચેના સરનામે યોજાનાર છે. તો વિદ્યાર્થી ભાઈ-બહેનોએ તેમની માર્કશીટ ટ્રસ્ટ દ્વારા જે ગુગલ લીંક પ્રસિદ્ધ કરવામાં આવેલ છે અથવા QR કોડ પર જ તા. ૩૧-૦૮-૨૦૨૫ સુધી મોકલવાની રહેશે. ગુગલ લીંક તથા QR કોડ અંદરના પેઈજ ઉપર જ આપેલ છે, જેના ઉપર જ માર્કશીટ અપલોડ કરવી. સમાજની ઓફીસ પર માર્કશીટ મોકલવાની રહેશે નહી.

**કાર્યક્રમની વિગત : તા. ૧૪-૦૯-૨૦૨૫ ને રવિવાર સવારે ૯-૦૦ કલાકે**

**કાર્યક્રમનું સ્થળ**

જે.બી. ઓડિટોરીયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશન,
આઈ.આઈ.એમ. રોડ, પાંજરા પોળ ચાર રસ્તા, વસ્ત્રાપુર, અમદાવાદ.

# BIO DATA



| | |
|---|---|
| Name | : DHYEY SANGHAVI |
| Date of Birth | : 24/02/1995 |
| Place of Birth | : Ahmedabad |
| Time of Birth | : 09:44 PM |
| Height | : 5'.8" |
| Weight | : 85 kg |
| Education | : B.E. Aeronautical |
| Occupation | : Aeronavigation, Analyst at Hi-Tech Digial Solutions LLP Prahlad Nagar, Ahmedabad. |
| Income | : 12 LPA |

## FAMILY DETAILS

| | |
|---|---|
| Father | : Dilipkumar Sanghavi (Employed) |
| Mother | : Anjanaben Sanghavi (Home Maker) |
| Brother | : Dr. Dirghayu Sanghavi (B.D.S.) |
| Maternal | : Manharlal Gopaldas Sheth. |
| Family | : (Hiren M. Sheth - Maternal Uncle) |
| Contact | : 9537335001 / 9426313735 |
| Address | : 7, Shamiyana Apartment, Near Parimal Garden, Ellisbridge, Ahmedabad. |

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત), અમદાવાદ
# (ટ્રસ્ટ રજી. નં. એ/૩૪૮૮/અમદાવાદ/તા.૩૧-૧-૧૯૯૮)


**ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**
**(કંસારા ટાઈમ્સ)**

**: <u>પ્રમુખશ્રી</u> :**
શ્રી ચંદ્રકાન્ત કંચનલાલ કંસારા

**: <u>સલાહકાર મંડળ</u> :**
શ્રી બટુકભાઈ વ્રજલાલ કંસારા, અમદાવાદ
શ્રી હસમુખભાઈ એલ. ખાખી, અમદાવાદ

**: <u>માનદ્ તંત્રી</u> :**
શ્રી ભરતભાઈ સી. શેઠ, અમદાવાદ
મો : ૯૮૨૪૦૬૨૬૫૧

**: <u>સંપાદક મંડળ</u> :**
શ્રી અનંતરાય જી. શેઠ,
શ્રી દિલીપભાઈ આર. કંસારા,
શ્રી બળવંતભાઈ જે. પાવાગઢી,
શ્રી વિવેક એમ. કંસારા,
શ્રી કમલેશ એચ. કંસારા,

**: <u>કાર્યાલય-સંપર્ક / પત્ર-વ્યવહાર માટે</u>:**
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)
"બી" બ્લોક, ૫૦૨, ૫ મે માળ,
તુલીપ ટાવર, પકવાન ડાઈનીંગ
હૉલની પાછળ, વી.એસ.હૉસ્પિટલ સામે,
એલીસબ્રીજ, અમદાવાદ - ૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦



કોઈપણ જાહેરખબર કે શ્રધ્ધાંજલિમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંહેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરી યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

કોઈપણ લેખ અંકમાં છાપવો કે નહીં છાપવો તે તંત્રીશ્રી, સંપાદક મંડળ નિર્ણય કરે છે. આ અંકમાં પ્રસિધ્ધ થતાં લેખો, એ સ્વતંત્ર અભિવ્યક્તિ છે, તેની સાથે સમાજ કે હોદ્દેદારો સંમત છે, તેવું માની લેવું નહીં.




આદરણીય વ્હાલા સુજ્ઞ જ્ઞાતિજનો,

આપ સર્વે ક્ષેમ કુશળ હશો તેવી હુ આશા રાખું છું.

જુન - ૨૦૨૫ માસ ના પહેલા અને બીજા અઠવાડિયામાં સામાન્ય રીતે પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સને ૨૦૨૫ - ૨૦૨૬ ના વર્ષ ના શૈક્ષણિક સત્ર ના અભ્યાસ નું શુભ કાર્ય નો પ્રારંભ થઈ ગયેલ છે જેમાં જ્ઞાતિના તમામ વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓ આ સત્રમાં અભ્યાસમાં શિક્ષણના કાર્યમાં શુભ શરૂઆત કરી હશે અને તેઓ નવા શૈક્ષણિક ક્ષેત્રમાં પણ તેઓની મન વાંછિત ભાવિ કારકિર્દી માટે સફળતા મેળવે તેવી શુભેચ્છા પાઠવું છું.

વિશેષમાં સમગ્ર કંસારા જ્ઞાતિનો ઉત્પતિનો ઈતિહાસ જે વડોદરાના એમ.એસ યુનિવર્સિટીના ભૂતપૂર્વ પ્રોફેસર અને રાષ્ટ્રપતિ એવોર્ડથી સંસ્કૃત પી.એચ.ડી કુલગુરુ થી સન્માનિત થયેલા પરમ પૂજ્ય સ્વ અરુણોદય જાની સાહેબ (કાલિકા પુરાણ ગ્રંથના પ્રકાશક બોર્ડના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી) દ્વારા તૈયાર કરવામાં આવેલ, શ્રી કંસારા જ્ઞાતિના ઉત્પતિનો ઈતિહાસ અને શ્રી કુળદેવી શ્રી કાલિકા માતાજીના કંસારા જ્ઞાતિ અંતર્ગત થયેલ અનેક પ્રસંગોથી સભર માહિતીથી સુવિદિત કરાવતું પુસ્તક એટલે શ્રી કાલિકા પુરાણ ગ્રંથ આ કાલિકા પુરાણની ચોથી આવૃત્તિ સ્વ. શ્રી અરુણોદય જાની સાહેબના પુત્ર અને સંસ્કૃતના એમ.એસ. યુનિવર્સિટીના નિવૃત પ્રોફેસર શ્રી જયદેવ ભાઈ જાની સાહેબના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ ચોથી આવૃત્તિનું તારીખ ૨૫-૦૫-૨૦૨૫ ને રવિવારના રોજ ગુજરાતી કંસારા પાવાગઢ ધર્મશાળા ટ્રસ્ટ અને કાલિકા પૂરાણ સંશોધન બોર્ડ અને પ્રકાશક બોર્ડ દ્વારા આ પુસ્તકની ચોથી આવૃતિની વીમોચન વિધિ કરવામાં આવેલ છે. અને આ પુસ્તક શ્રી કંસારા જ્ઞાતિના દરેક સભ્યો અને પરિવારો માટે રૂપિયા ૩૫૦/- (રૂા. ત્રણસો પચાસ)ની ન્યોછાવર કિંમતથી વિતરણમાં મુકવામાં આવેલ છે. તો આ અંગે શ્રી કંસારા જ્ઞાતિના પરિવારના સભ્યોને આ પવિત્ર અને ધાર્મિક પુસ્તકની જરૂર હોય તો તેઓએ શ્રી સમસ્ત કંસારા સમાજની ઓફિસે અથવા તો ગુજરાતમાં સુરત, વડોદરા, નડિયાદ અને અમદાવાદ મુકામ આ માટે ના પ્રાપ્તિ સ્થાનો નક્કી કરવામાં આવેલ છે. જે ત્યાંથી તે મેળવી અને આપ પવિત્ર ગ્રંથ ઘરે વસાવી તેના જ્ઞાન નો લાભ લેવા વિનંતી કરું છું.

આ અંગેના પ્રાપ્તિ સ્થળો આ અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તો જે તે ગામના અથવા તો નજીક ગામના જ્ઞાતિજનો એ આ પુસ્તક વસાવવાની ઈચ્છા હોય તો તેનો લાભ લઈ શકે છે અને લાભ લેવા મારી નમ્ર વિનંતી છે.

આપણી કંસારા જ્ઞાતિને અન્ય વિકસતી જાતિમાં સમાવવા માટેના મૂળ હેતુ માટે આ સંસ્થાની રચના થયેલ છે. આ અંગે પંચ દ્વારા જૂજ કુટુંબોની સર્વેની કામગીરી બાકીમાં છે. જે પૂરો કરી સરકારમાં રિપોર્ટ મોકલવા માટે સરકારશ્રીમાં અને ઓબીસી પંચ ગાંધીનગરને આ સર્વે પૂરો કરવા માટે અનેક વખત રજૂઆતો કરવા છતાંય બાકી રહેલ કુટુંબોના સર્વેની કામગીરી પંચ દ્વારા એક યા બીજા કારણોસર સર્વેની બાકી રહેલી કામગીરી પૂર્ણ કરવા માટે હજુ સુધી પંચ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી શરૂ કરવામાં આવેલ ન હોઈ, આ બાબતમાં સમસ્ત કંસારા સમાજ સજાગ હોઈ છેલ્લે સમસ્ત કંસારાના પ્રતિનિધિઓ દ્વારા રૂબરૂ મુલાકાત કરી રજૂઆતો કર્યા બાદ પણ આ બાકી કુટુંબોના સર્વેની કામગીરીમાં કોઈ પ્રગતિ થયેલ ન હોઈ આ અંગે તાજેતરમાં અન્ય પછાત વર્ગના અધ્યક્ષશ્રી ને પત્ર લખી અને તેઓને મુલાકાત માગી બાકી ગામનો સર્વે વેળાસર પૂરો કરવા માટે પત્ર દ્વારા મુલાકાત માગેલ છે. આ કાર્યવાહીમાં જે કંઈ પ્રગતિ થશે તેની સમયાંતરે સમાજને વિદિત કરવામાં આવશે. આ સંસ્થા પાયાના હેતુ માટે ઓબીસીના પ્રશ્ન માટે અમો સૌ સજાગ અને સતત પ્રયત્નશીલ છીએ.

સર્વે જ્ઞાતિજનોને મારા જય શ્રી કૃષ્ણ- જય માતાજી- જય શ્રી ગોપાલ - જય શ્રીસ્વામિનારાયણ - જય મહારાજ

આપનો સ્નેહાધીન
ચંદ્રકાંત કે. કંસારા
પ્રમુખ : સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

**SAMAST KANSARA SAMAJ GUJARAT**
State Bank of India, SPPBB Branch,
Account Number : 10542905500 • IFS CODE : SBIN0060129

**શુભેચ્છક : કંસારા લાલજીભાઈ ગોકળદાસ પરિવાર (મોરબી)ના જયશ્રી કૃષ્ણ**

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) દ્વારા અમદાવાદના બોપલ વિસ્તાર ખાતે આયોજીત સમાજના સભ્યોનો ડેટાબેઈઝ સુધારણા અભિયાન

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ દ્વારા અમદાવાદના ''બોપલ, સાઉથ બોપલ, ઘુમા, શેલા, ગોધાવી, આંબલી, શીલજ, સરખેજ'' વિસ્તારોમાં કંસારા સમાજના દરેક ગોળ-ઘટકના જ્ઞાતિજનો માટે એક સંપર્ક યાત્રા અને સમાજના સભ્યોનો ડેટાબેઈઝ સુધારણા માટે પ્રથમ અભિયાનનું આયોજન તા. ૨૫-૫-૨૦૨૫ ના રોજ બોપલ ખાતે સવારે ૯-૩૦ થી બપોરે ૧૨-૩૦ સુધી શ્રી વિનયભાઈ શેઠની ઓફીસ ખાતે કરવામાં આવેલ.



આ અભિયાન દરમ્યાન ઉપરોક્ત વિસ્તારોમાંથી આશરે ૫૦-૬૦ જ્ઞાતિજનોએ સમાજના પ્રતિનિધિઓની મુલાકાત લીધેલ હતી. **તે ઉપરાંત, ૧૬ નવા આજીવન સભ્યો બન્યા અને ૩૨ સભ્યોએ કંસારા ટાઈમ્સ વિકાસ ફંડમાં યોગદાન આપીને સમાજના આ અભિયાનને બિરદાવેલ.** આ અભિયાનમાં સરનામાં ફેરફારની પણ વિગતો નોંધવામાં આવેલ.

આ સમગ્ર અભિયાનમાં સમાજના કારોબારી સભ્યો પૈકી શ્રી મેહુલ એન. ખાખી, શ્રી મનિષભાઈ બી. કંસારા, શ્રી માર્કંડભાઈ એચ. કંસારા, શ્રી હસમુખભાઈ એસ. ખાખી, શ્રી અનંતરાય જી. શેઠ, શ્રી રમેશભાઈ એન. શેઠ, શ્રી બળવંતભાઈ પાવાગઢી, ડૉ. અશ્વિનભાઈ દંગી, શ્રી કિરણભાઈ કંસારા, શ્રી પલ્લવીબેન સી. કંસારા, શ્રી ઉષાબેન ચોગાનવાલા, શ્રી કમલેશ કંસારા વિ. હાજર રહેલ. તે ઉપરાંત સૌરાષ્ટ્ર મારૂ કંસારા સમાજના અગ્રણી શ્રી દિનેશભાઈ જયંતીલાલ કંસારા (પરમાર)ની પણ પ્રત્યક્ષ હાજરીથી દરેકને પ્રોત્સાહિત કરેલ.

સમગ્ર અભિયાનની જવાબદારી શ્રી કિરીટભાઈ કેશવલાલ કંસારા (ખાખી) તથા શ્રી વિનયભાઈ નવનીતલાલ શેઠ દ્વારા લેવામાં આવેલ હતી. જે પૈકિ - બોપલ વિસ્તારમાં રહેતા દરેક જ્ઞાતિજનોનાં સંપર્ક કરવો, ઓફીસ વ્યવસ્થા, હાજરી આપનાર દરેક જ્ઞાતિજનનું સ્વાગત વિ. કરવામાં આવેલ. સમાજ તેમનો ખૂબ આભાર માને છે.

આવનાર દરેક જ્ઞાતીજનોનું આઈસ્ક્રિમ, ચા, નાસ્તા દ્વારા સ્વાગત કરવા બદલ શ્રી વિનયભાઈ શેઠ તથા કિરીટભાઈ ખાખીનો વિષેષ આભાર સહ તેઓ તથા કમલેશભાઈ શેઠ દ્વારા ન આવી શકેલ સભ્યો તથા નવા બોપલ વિસ્તારમાં સ્થાઇ થયેલ જ્ઞાતીજનોનો રૂબરૂ સંપર્ક કરી આ વિસ્તારનું અભિયાન સંપૂર્ણ સફળ બનાવવા પ્રયત્ન કરશે તેવી દ્રઢતા વ્યક્ત કરેલ જે પ્રશંશા ને પાત્ર છે.

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) ઉપરોક્ત અભિયાનમાં હાજરી આપનાર, નવા સભ્યો બનનાર તથા વિકાસ ફંડમાં યોગદાન આપનરા દરેકનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે.

આ જ પ્રકારે અમદાવાદના બીજા વિસ્તારોમાં કેમ્પનું આયોજન કરવામાં આવશે.

ગુજરાતના બીજા શહેરોમાં પણ આવી જ રીતે આયોજન કરવા માટે કારોબારી સભ્યો પ્રયત્નો કરે તેવી વિનંતી છે.

અંતમાં સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) વતી આ અભિયાનની સફળતા માટે જ્ઞાતિજનોનો આભારી છે.

પ્રમુખ-મંત્રી-ખજાનચી
સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

શુભેચ્છક : ડૉ. ઉપેન્દ્ર બી. કલાઈગર, ડૉ. દર્શનભાઈ, ડૉ. અનુપભાઈ કંસારાના જય શ્રીકૃષ્ણ
સુદર્શન આંખની હોસ્પીટલ અને ઓપ્ટીકલ અને કોર્નિયા લેસર સેન્ટર, સુરત મો. : ૮૯૮૦૩૬૬૩૩૬

# ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ આયોજીત વિદ્યાર્થી સન્માન સમારંભ-૨૦૨૫

ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ, સમગ્ર ગુજરાતના કંસારા સમાજના પરિવારના દિકરા-દિકરીઓ જેઓએ વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરી હોય તેઓને સન્માનિત કરે છે. આ માટે નીચે જણાવેલ શ્રેણીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પોતાના ગુણ પત્રક અત્રે આપેલ QR અથવા ગુગલ લીંક પર જ અપલોડ કરવાની રહેશે. સમાજની ઓફિસ પર માર્કશીટ મોકલવાની રહેશે નહી. આ કાર્યક્રમ ફક્ત ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષમાં ઉતીર્ણ થનાર વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે યોજાયેલ છે.

(૧) ધો-૧૦ અને ધો-૧૨ (બંને પ્રવાહ)માં પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓનું સન્માન (ગુણપત્રકમાં ૯૦% ઉપર જેઓએ માર્કસ મેળવ્યા હશે તેઓનું સન્માન થશે.) (આ માટે પર્સન્ટાઈલ ગણત્રી લેવામાં આવશે નહી.)

(૨) ધો-૧૨ પછી ઓછામાં ઓછા ચાર (૪) વર્ષનો ડીગ્રી અભ્યાસક્રમ તથા તમામ પોસ્ટ ગ્રેજયુએટ અભ્યાસક્રમમાં સફળતા મેળવી હોય તેઓનું સન્માન કરવામાં આવશે.

(૩) રાજ્ય કક્ષાએ અથવા તેથી ઉપર વિશિષ્ટ પ્રમાણપત્રથી સન્માનીત થયેલ વિદ્યાર્થીઓનું સન્માન (રમત-ગમત અથવા અન્ય વિશિષ્ટ કૌશલ્ય માટે. આ માટે વર્ષ મર્યાદા ૧૬ વર્ષ પૂર્ણ કરેલ હોવા જરૂરી છે. તથા અગાઉ સન્માનીત થયેલ વિદ્યાર્થીઓ રાષ્ટ્ર કક્ષાએ કૌશલ્ય પ્રમાણપત્ર મેળવેલ હશે તોજ ધ્યાને લેવાશે).

આ સંસ્થાને આપવામાં આવતું દાન ઈન્કમટેક્ષ ૮૦(જી) કર રાહતને પાત્ર છે.

આ કાર્યક્રમ ૧૪ સપ્ટેમ્બર-૨૦૨૫ રવિવારના રોજ સવારે ૯ કલાકે અમદાવાદ ખાતે યોજાવવાનો છે.

**માર્કશીટ અપલોડ કરવા માટે ગુગલ લીંક તથા QR કોડ નીચે મુજબ છે જેના ઉપર જ માર્કશીટ અપલોડ કરવા વિનંતી. સમાજની ઓફીસ પર માર્કશીટ મોકલવાની રહેશે નહી. માર્કશીટ અપલોડ કરવાની છેલ્લી તારીખ ૩૧ ઓગસ્ટ-૨૦૨૫ સુધીની છે**

https://forms.gle/twc7TVMwDn9aYMwd7

## સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

### કાર્યાલયનો મોબાઈલ નંબર

**સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદના કાર્યાલય / ઓફિસનો મોબાઈલ નંબર 85115 94181 કાર્યરત થઈ ગયેલ છે. જે બપોરે ૧૨-૦૦ કલાકથી સાંજે ૫-૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. તો જ્ઞાતિજનો / સભ્યોએ સંસ્થાના કામકાજ માટે ઉપરોક્ત મોબાઈલ પર સંપર્ક કરી શકાશે.**

શુભેચ્છક : ક્રિષ્નકાંત મોહનલાલ માવાણી, રાજકોટ (ભૂતપૂર્વ તંત્રીશ્રી, ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ) તરફથી સમસ્ત કંસારા સમાજને શુભેચ્છાઓ.

**શ્રી ગુજરાતી કંસારા જ્ઞાતિ પાવાગઢ ધર્મશાળા ટ્રસ્ટ, પાવાગઢ અંતર્ગત શ્રી કાલિકા પુરાણ સંશોધન અને પ્રકાશક બોર્ડ**
**આયોજીત "શ્રી કાલિકા પુરાણ ગ્રંથ / પુસ્તક વિમોચન વિધિ કાર્યક્રમ"**
**તારીખ : ૨૫-૦૫-૨૦૨૫ રવિવાર સવારે ૧૦-૦૦ વાગે ● સ્થળ શ્રી ગુજરાતી કંસારા જ્ઞાતિ પાવાગઢ ધર્મશાળા, પાવાગઢ**

# શ્રી કાલિકા પુરાણ ગ્રંથ / પુસ્તક એટલે "કંસારા જ્ઞાતિ"ની ઉત્તપતિનો ધાર્મિક ગ્રંથ

- સી.કે. કંસારા (પ્રમુખ-ટ્રસ્ટી - શ્રી ગુજરાતી કંસારા પાવાગઢ ધર્મશાળા ટ્રસ્ટ - પાવાગઢ)



પ.પૂ. આચાર્યશ્રી બાબુભાઈ મહારાજ (હાલોલ-પંચમહાલી)ના વરદ્ હસ્તે :-

ઉપસ્થિત મહાનુભાવો, શ્રી ગુજરાતી કંસારા જ્ઞાતિ પાવાગઢ ધર્મશાળા ટ્રસ્ટના પદાધિકારીશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, કમીટીના સભ્યશ્રીઓ તેમજ શ્રી ગુજરાતી (અમદાવાદ) કંસારા જ્ઞાતિ પંચ (૧) અમદાવાદના પ્રમુખશ્રી ગૌતમભાઈ ચોગાનવાલા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ (૨) વડોદરાના પ્રમુખશ્રી અશોકભાઈ (શ્રી ભરતભાઈ) કંસારા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ, (૩) નડીઆદ કંસારા જ્ઞાતિ પંચના ટ્રસ્ટીશ્રી (૪) ઉમરેઠના પ્રમુખશ્રી, કમલેશભાઈ જે. કંસારા (૫) ડભોઈ જ્ઞાતિ પંચના ટ્રસ્ટીશ્રીઓ, (૬) નાશિક જુની તાંબટી શ્રી મંગેશભાઈ તેમજ શ્રી પ્રસાદભાઈ શ્રી કાલિકા પુરાણગ્રંત (ચોથી આવૃત્તિ) માટે આર્થિક યોગદાન આપનાર દાતાશ્રીઓ તથા જ્ઞાતિના અન્ય વિશેષદાતાશ્રીઓ તથા આમંત્રિત જ્ઞાતિજનોની હાજરીમાં "શ્રી કાલિકા પુરાણ ગ્રંથ / પુસ્તક"ની ચોથી આવૃત્તિની ધાર્મિક પૂજા વિધિ પ.પૂ. આચાર્યશ્રી બાબુભાઈ મહારાજ દ્વારા કરાવવામાં આવી.

ત્યારબાદ વિમોચન વિધિના કાર્યક્રમનો પ્રારંભ કરતા ટ્રસ્ટીશ્રી જીતેન્દ્રભાઈ ચીનુભાઈ કંસારા (શ્રી લાલાભાઈ સર) વડોદારનાઓએ, શ્રી કાલિકા પુરાણ ગ્રંથની ચોથી આવૃત્તિ તૈયાર કરવા માટે કરવામાં આવેલ તમામ કાર્યવાદી અને ગતિ-વિધિની વિગતોથી હાજર સૌ ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ, કમીટીના સભ્યશ્રીઓ, અન્ય આમંત્રિત, જ્ઞાતિપંચના પ્રમુખશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓને વાકેફ કર્યા. તેમજ આ ચોથી આવૃતિના પ્રકાશન માટે માર્ગદર્શન આપનાર માનનીય શ્રી ડૉ. જયદેવભાી જાની (હાલ પરદેશ)નો આભાર માન્યો. તેમજ આ પુસ્તકનું સંસ્કૃત અને ગુજરાતી ભાષાનું પ્રફુરીડીગ કરનાર અને અમૂલ્ય સમયનું યોગદાન આપનરા ડૉ. મીલીન્દભાઈ જોષી (વડોદરા)ની સેવાઓ બીરદાવી તેઓનો આભાર વ્યક્ત કરી, ચોથી આવૃત્તિ તૈયાર કરવા માટેના ઉભા થયેલા સંજોગોની માહિતી આપી. તેમજ આ કામમાં સહયોગ આપનાર તમામ ટ્રસ્ટી મિત્રો, દાતાશ્રીઓ, કમીટી સભ્યોના સહકાર બદલ આનંદ વ્યક્ત કરી આભાર માનવામાં આવ્યો.

ત્યારબાદ શ્રી કાલિકા પુરાણ ગ્રંથની ચોથી આવૃત્તિના વિમોચન વિધિ માટે પ.પૂ. આચાર્યશ્રી બાબુભાઈ શાસ્ત્રી મહારાજને વિનંતી કરી, તેઓશ્રીના વરદ્ હસ્તે શ્રી કાલિકા પુરાણ ગ્રંથ / પુસ્તકની ચોથી આવૃત્તિનું વિમોચન વિધી કરી. આ ધાર્મિક પુસ્તક જ્ઞાતિજનો માટે ખુલ્લુ મુક્યુ.

પ.પૂ. બાબભાઈ શાસ્ત્રી મહારાજે આ ધાર્મિક પુસ્તકની વિચોનવિધિ નિમિત્તે મંત્રોચ્ચાર સાથે, જ્ઞાતિજનોની શ્રી કાલિકામાતા પ્રત્યેની ધાર્મિક ભાવનાને બિરદાવી, જ્ઞાતિજનોની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી. જ્ઞાતિજનોને આશીર્વાદ પાઠવ્યા હતા.

શ્રી લાલાભાઈ સર, એ પ.પૂ. બાબુભાઈની ધાર્મિક કારકીર્દીની ઝાંખી કરાવતા. હાજર સૌ જ્ઞાતિજનોને યાદ આપી હતી કે પ.પૂ બાબુભાઈની ઉંમર ૯૨ વર્ષની છે. આપણી હાલની






જવાબદારીથી આ કાર્ય પુર્ણ કરનાર, ટ્રસ્ટીશ્રી જીતેન્દ્રભાઈ ચીનુભાઈ કંસારા (શ્રી લાલભાઈ સર) વડોદરાનો શાબ્દિક આભાર વ્યક્ત કરી તેઓનું અભિવાદન કરવામાં આવ્યું.

આ પ્રસંગે ટ્રસ્ટના ટ્રસ્ટી અને ઉપપ્રમુખશ્રી સુહાસભાઈ એમ. પારેખ (મુંબઈ)નાઓએ પ્રસંગને અનુરૂપ પ્રાસંગિક પ્રવચન દ્વારા શ્રી કાલિકા પુરાણ ગ્રંથની ધાર્મિક મહત્વતા અને વિશેષતાનો ખ્યાલ આપ્યો. તેમજ તેઓએ, વિમોચન કર્તા આચાર્ય પ.પૂ.શ્રી બાબુભાઈ મહારાજને શાલ ઓઢાડીને સન્માન કર્યું.

ધર્મશાળાના મકાનની ખાતમુહુર્તની ધાર્મિક વિધીની પૂજન વિધિ પણ તેઓશ્રી દ્વારા કરવામાં આવી હતી.

વધુમાંશ્રી લાલાભાઈ સર ની વિનંતીથી, ટ્રસ્ટના ટ્રસ્ટી અને પ્રમુખશ્રી સી.કે. કંસારા ને આજના પ્રસંગને અનુરૂપ પ્રાસંગીક પ્રવચન માટે આમંત્રિત કરતાં પ્રમુખ સી.કે. કંસારાએ, શ્રી કાલિકા પુરાણ ગ્રંથની ચોથી આવૃત્તિ પ્રિન્ટ કરાવવાની શાથી જરૂર પડી ? તેની માહિતી આપતા તેમના વક્તવ્યમાં જણાવ્યું કે, ત્રીજી આવૃત્તિનું એક પણ પુસ્તક આ ટ્રસ્ટ પાસે ઉપલબ્ધ ન હતું. પરંતુ જ્ઞાતિજનો તરફથી સતત આ પુસ્તકની માંગ વધી રહી હોવાથી, ટ્રસ્ટી મંડળે, આ પુસ્તકની માંગની ધાર્મિક લાગણી અને માંગણીને પ્રાધાન્ય આપી, તારીખ ૦૪-૦૨-૨૦૨૪ ની ધર્મશાળા ટ્રસ્ટની ખાસ સાધારણ સભામાં પ્રસ્તાવ રજુ કરી, આ પુસ્તકની ચોથી આવૃત્તિ શક્ય તેટલી વહેલી પ્રિન્ટ કરાવી જરૂરીયાતવાળા કંસારાના જ્ઞાતિજનોને પૂરા પાડી શકાય તેવું આયોજન કરવા ઠરાવ કરવામાં આવ્યો. જેથી જ્ઞાતિજનોની ધાર્મિક ભાવનાને આ ટ્રસ્ટી મંડળ આજના કાર્યક્રમ દ્વારા સંતોષ આપી શક્યું છે. તે બદલ અમો આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. વિશેષમાં પ્રમુખ શ્રી સી.કે. કંસારાએ, તેઓના વ્યક્તવ્યમાં, શ્રી કાલિકા પુરાણ ગ્રંથની ચોથી આવૃત્તિ માટે આર્થિક યોગદાન આપનાર જ્ઞાતિના દાતાશ્રીઓને આભાર વ્યક્ત કર્યો. વિશેષમાં આ પુસ્તકના પ્રુફરીડીંગની કામગીરી માટે ચુકવવાનું થતું મહેનતાણાની રકમ (વધારાની મહેતાણાની રકમ) રૂા. ૧૧,૦૦૦/- રૂપિયા અગિયાર હજાર પુરાનું યોગદાન આપનાર દાતાશ્રી પારેખ પરિવાર મુંબઈ (શ્રી સુહાસભાઈ)નો પણ આભાર વ્યક્ત કર્યો.

ખાસ કરીને આ પુસ્તકની પ્રીન્ટીંગની કામગીરીની શરૂઆતથી માંડીને આ પુસ્તકો તૈયાર કરી વડોદરા સુધી લાવવાની સમગ્ર કામગીરીની પુરેપુરી જવાબદારી સમજી સતત દેખરેખ અને માર્ગદર્શન હેઠળ આ પુસ્તક તૈયાર કરાવવાની ભારે જહેમત અને

આ ધાર્મિક શુભ પ્રસંગે, વિશેષ આમંત્રિત અને નડીઆદમા કાળકાપોળમાં આવેલ ધરડા માતાજીના મંદિર (જુના માતાજીના મંદિર)ના પૂજારી અને શ્રી કાલિકાપુરાણ કથાના વક્તા શ્રી કમલેશભી એસ. કંસારા (કમલેશ ભગત)ને પ્રાસંગિક પ્રચન માટે આમંત્રિત કરતા, શ્રી કમલેશભાઈ ભગતે, તેઓશ્રીના વક્તવ્યમાં ઉત્પત્તિના ઉતિહાસનો ગ્રંથ છે. જેના રચયીતા વડોદરાના સ્વ. ડૉ. અરૂણોદય જાની સાહેબ કે જેઓ રાષ્ટ્રપતિ સન્માનિત સંસ્કૃત પી.એચ.ડી. કુલગુરૂ તરીકે સન્માનીત થયા હતા તે છે. વધુમાં તેઓએ જણાવ્યું કે, આ પુસ્તકમા હૈહય ગોત્રની કથા, કાંસાના વેપાર ધંધાનો ઈતિહાસ, અષાઢ મહિનામા અમાસને દિવસે માતાજીનું પૂજન, અને પવિત્રુ ચઢાવવાનો મહિમાનું વર્ણન કરેલ છે. શ્રી કાલિકા માતાજીએ કંસારા જ્ઞાતિને રક્ષા માટે આપેલ વરદાનની વિશેષ માહિતીની છણાવટ કરી, દરેક જ્ઞાતિજનને ધરે આ પવિત્ર ગ્રંથ હોવો જરૂરી છે. તેમજ કંસારા જ્ઞાતિની ભાવિ પેઢી / બાળકોને પણ આ ધાર્મિક ગ્રંથથી માહિતગાર કરી, ધાર્મિકતાના ભાવ અને સંસ્કારનું સિંચન થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ. તેવી ધાર્મિક અપીલ કરી કુળદેવી માતા શ્રી કાલિકામાતા સર્વેની રક્ષા કરે તેવી પ્રાર્થના સહ વક્તવ્ય પુર્ણ કર્યું.

કાર્યક્રમના અંતમાં ટ્રસ્ટી અને મંત્રીશ્રી નિમેષભાઈ એન. કંસારા (વડોદરા)એ હાજર તમામ ટ્રસ્ટીશ્રીઓ કમિટીના સભ્યશ્રીઓ, જુદા જુદા ગામના શ્રી ગુજરાતી (અમદાવાદી) કંસારા જ્ઞાતિ પંચના પ્રમુખશ્રીઓ/ટ્રસ્ટીશ્રીઓ/પ્રતિનિધિઓ, અને શ્રી કાલિકાપુરાણ ગ્રંથ ચોથી આવૃત્તિના દાતાશ્રીઓ તેમજ આ સમગ્ર અભિયાનમાં સહકાર આપનાર તમામ જ્ઞાતિજનોનો આભાર માની, હાજર તમામને મહાપ્રસાદી ગ્રહણ કરવા માટે આમંત્રીત કરી આજના કાર્યક્રમનું સમાપન થયેલું જાહેર કરવામાં આવ્યું. બપોરની મહાપ્રસાદી લઈ. સૌ જ્ઞાતિજનો આનંદ વિભોર અને ધાર્મિક વાતાવરણની લાગણી સાથે આનંદથી છુટા પડ્યા.

॥ જયશ્રી કાલિકા માતાજી ॥

# શ્રી કંસારા જ્ઞાતિ ધર્મશાળા ટ્રસ્ટ, અંતર્ગત
# શ્રી કાલિકા પુરાણ સંશોધન અને પ્રકાશક બોર્ડ, પાવાગઢ

**''કાલિકા પુરાણ ગ્રંથ''**
**એટલે**
**શ્રી કંસારા જ્ઞાતિ ના ઉત્પતિ ના ઈતિહાસ નો ધાર્મિક ગ્રંથ/પુસ્તક**

શ્રી કાલિકા પુરાણ ગ્રંથ / પુસ્તક ( ચોથી આવૃતિ) ના પ્રાપ્તિ / ઉપલબ્ધિ કેન્દ્રો

**(૧) પાવાગઢ (ચાંપાનેર)**

મેનેજર શ્રી,
શ્રી કંસારા જ્ઞાતિ પાવાગઢ ધર્મશાળા, પાવાગઢ (ચાંપાનેર)
મેનેજર શ્રી, શ્રી હિતેશભાઈ વ્યાસ .મો.૯૪૨૮૯ ૦૫૦૫૯

**(૨) વડોદરા.**

શ્રી બાલકૃષ્ણ ભાઈ ( રાજાભાઈ) મનહર ભાઈ કંસારા , ટ્રસ્ટી / ખજાનચી શ્રી - શ્રી કંસારા જ્ઞાતિ પાવાગઢ ધર્મશાળા ટ્રસ્ટ,
રહે.જૈન દેરાસર ની સામે,કંસારા બજાર,એમ.જી .રોડ
વડોદરા-૧ - મોં.૮૭૩૩૮ ૭૬૧૨૧

**(૩) સુરત**

શ્રી મનોજભાઈ પુંજીલાલ મહેતા.
૬/૧૪૯૫. પહેલો માળ, મહીધર પુરા, કંસારા શેરી, સુરત-૩ - મો.૭૬૬૭૫ ૭૭૩૭૫.

**(૪) નડિયાદ.**

શ્રી દર્શનભાઈ .જી.કંસારા
ટ્રસ્ટી શ્રી ,શ્રી કંસારા જ્ઞાતિ પંચ ટ્રસ્ટ,નડિયાદ
C/0. ટી.કે વાસણ સેન્ટર, કંસારા બજાર ,નડિયાદ
મોં. ૭૯૮૪૧ ૫૨૦૪૭.

**(૫) અમદાવાદ.**

(૧) શ્રી હરીશ ભાઈ .સી.કંસારા
કા.સભ્યશ્રી ,શ્રી કંસારા જ્ઞાતિ પંચ - અમદાવાદ અને ટ્રસ્ટીશ્રી, શ્રી કંસારા જ્ઞાતિ પાવાગઢ ધર્મશાળા ટ્રસ્ટ,પાવાગઢ.
મો.નં-૯૮૯૮૦૦૭૨૦૬.

**(૬) અમદાવાદ.**

(૨)સમસ્ત કંસારા સમાજ (ગુજરાત ) અમદાવાદની ઓફીસ ,અમદાવાદ. બી.બ્લોક,૫૦૨ . પાંચમે માળે,
તુલીપ ટાવર, પકવાન ડાઇનિંગ હોલ ની ઉપર,
વી.એસ .હોસ્પિટલ ની સામે, એલિસ બ્રિજ
અમદાવાદ-૬ - ફોન નં.૦૭૯ ૨૬૫૭૪૦૭૦

શ્રી કાલિકા પુરાણ ગ્રંથ / પુસ્તકની ન્યોછાવર કિંમત :- એક પુસ્તક ના રૂા. ૩૫૦/- અંકે રૂપિયા ત્રણસો પચાસ પૂરા નક્કી કરવામાં આવેલ છે.

ઉપરોક્ત સ્થળોએ શ્રી કાલીકા પુરાણ ગ્રંથ (ચોથી આવૃત્તિ) નું પુસ્તક નક્કી કરેલ ન્યોછાવર કિંમત ની ચુકવણી કરવાથી રૂબરૂમાં મળી શકશે.

જે જ્ઞાતિ જનો પોસ્ટ અગર કુરિયર થી આ પુસ્તક મંગાવવા માંગતા હશે તો પુસ્તક ની ન્યોછાવર કિંમત ઉપરાંત પોસ્ટેજ / કુરિયરનો ચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.

લી.
ટ્રસ્ટી ગણ
શ્રી કંસારા જ્ઞાતિ પાવાગઢ ધર્મશાળા ટ્રસ્ટ ,અંતર્ગત
શ્રી કાલિકા પુરાણ સંશોધન અને પ્રકાશક બોર્ડ
શ્રી કંસારા જ્ઞાતિ પાવાગઢ ધર્મશાળા,પાવાગઢ

## જાણવું જરૂરી

- મહેન્દ્રભાઈ એચ. પવાર ( સિહોર)

સ્પર્ધાત્મક પરીક્ષાના કોચિંગ માટે રૂપિયા ૨૦,૦૦૦ ની સહાય સ્પર્ધાત્મક પરિક્ષા યુપીએસસી, જીપીએસ સી, ગૌણ સેવા માટે કોચિંગ સંસ્થાઓ માં તાલીમ મેળવવા માટે બિન અનામત વર્ગના ઉમેદવારોને ધોરણ ૧૨ માં ૬૦ ટકા થી વધુ માર્કસ હોય અને પરિવારની વાર્ષિક આવક રૂપિયા છ લાખથી ઓછી હોય તો રૂપિયા ૨૦,૦૦૦ ની સહાય મળે છે. આ માટે બિન અનામત વર્ગનો દાખલો, આવકનો દાખલો, રહેઠાણ નો પુરાવો, આધાર કાર્ડ, લિવિંગ સર્ટીફીકેટ, ધોરણ ૧૦ અને ૧૨ ની માર્કશીટ, બેંક પાસબુક તેમજ કોચિંગ સંસ્થામાં ફી ભર્યાની પહોંચ જરૂરી છે. આ માટે ગુજરાત બિન અનામત કોર્પોરેશન ની વેબસાઈટ gueedcgujartgov.in પર જ ઈને સ્કીમ સેકશનમાં ટ્રેનિંગ સ્કીમ ફોર કોમ્પિટિટિવ એક્ઝામ સિલેક્ટ કરીને apply anow પર કિલક કરી ઓનલાઈન અરજી ની પ્રિન્ટ કઢાવી જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી ને કુરિયર કે રૂબરૂ આપવાની રહેશે.

# વઢવાણ મદન મોહન લાલજીની હવેલી, વિશેષ જાણકારી(વાસ્તુ પૂજન.૬/૬/૨૫)

-પ્રેષક : સુરેશ લક્ષ્મીચંદદાસ દંગી (આણંદ)

જીર્ણોદ્ધાર દ્વારા સુંદર મજાની નુતન મદન મોહન લાલજી હવેલી વિશે માહિતી આપતા હર્ષિત થવું છું.

સપ્તમ પીઠાધીશ્વર શ્રી ગોસ્વામી ૧૦૮ શ્રીવ્રજભૂષણલાલજી મહારાજનો હું દીક્ષિત સેવક અને અનુયાયી છું. જીવનના પ્રારંભના લગભગ ૨૨ વર્ષ સુધી મારા પૂજ્ય પિતાજી શ્રીલક્ષ્મીચંદદાસ નાગરદાસની પરાપૂર્વ પ્રેરણાનુસાર શ્રીમદન મોહનલાલજીની નિશ્રામાં, પુષ્ટિ સંપ્રદાયના સંસ્કારોથી સંચિત થઇ, હાલ આધ્યાત્મિક ગ્રંથોના વાંચન લેખન દ્વારા મારી જ્ઞાનપિપાસા સંતોષી રહ્યો છું.

અખંડ ભૂમંડલેશ્વર, જગતગુરુ, શ્રીવલ્લભાચાર્ય શ્રીમહાપ્રભુજીના દ્વિતીય પુત્ર પરમ દયાળ શ્રીગુસાંઈજીના સાતમાં લાલજી શ્રીઘનશ્યામજી મહારાજ હતા. તેમનો જન્મ ૧૫૭૧મા સન ૧૬૨૮ ના કારતક વદ તેરસના રોજ શ્રીગુસાંઈજીના દ્વિતીય પત્ની શ્રીપદ્માવતી વહુજીની કુખે થયો હતો. શ્રીપદ્માવતી વહુજી અકાળે નિત્યલીલા નિવાસી થતા તેમનો ઉછેર શ્રીગિરિધરલાલજીના પત્ની શ્રીભામિની વહુજીની નિશ્રામાં થયો. તેમનું હુલામણું નામ ''પ્રાણવલ્લભ'' હતું

શ્રી મહાપ્રભુજી સ્થાપિત પુષ્ટિમાર્ગના સંવર્ધક એવા શ્રી ગુંસાઈજીએ તેમના સપ્તમ લાલજી શ્રીઘનશ્યામજી મહારાજને શ્રીમદન મોહનલાલજીનું યુગલ સ્વરૂપ પધરાવી તેમની સેવા કરવાની આજ્ઞા આપેલ હતી. શ્રીઘનશ્યામજી મહારાજ આ યુગલ સ્વરૂપ પ્રતિ અતિ આસક્ત હોઈ તેમની નિત્ય સેવા પ્રણાલીમાં રત રહેતા હતા. ઉનાળાના પ્રખર તાપમાં પણ તેઓ બંધ આંખે આખી રાત શ્રી ઠાકોરજીને પંખો વીંઝવાની સેવા કરી, શ્રી ઠાકોરજીની સુખાકારીનું ધ્યાન રાખતા. એક સમયે કોઈ ચોર શ્રીમદન મોહનલાલજીના સ્વરૂપની ચોરી કરવાના ઈરાદાથી ઘરમાં આવ્યો ત્યારે પણ શ્રી ઠાકોરજીની સેવામાં ખલેલ ન પડે અને સેવા અવિરત ચાલુ રહે તે ધ્યાનમાં રાખી, તેઓએ પોતાની આંખો ખોલી નહી. સવારે આંખો ખોલતા જયારે તેમને જાણ થઇ કે શ્રીમદન મોહનલાલજીના યુગલ સ્વરૂપને કોઈ ચોરી કરી ગયું છે. ત્યારે તેઓ ખુબજ ઉદાસ થયા. આ ઘટનાને અનુલક્ષીને પોતાના સેવ્ય સ્વરૂપના વિરહમાં અન્નજળનો ત્યાગ કરીને, તેઓ માત્ર સાત જ દિવસની અવધિમાં આ નશ્વર દેહનો ત્યાગ કરીને નિત્ય લીલામાં પધારી ગયા. આ રીતે તેઓશ્રી પોતાના સેવ્ય સ્વરૂપ પ્રતિ આટલી હદે આસકત અને નિષ્ઠાવાન હતા.

તેઓશ્રીએ શ્રીમદન મોહનલાલજી વિષે વ્રજભાષા અને સંસ્કૃતમાં ઘણું સાહિત્ય પ્રકાશિત કરેલું. તેમાં ખાસ કરીને શ્રી મધુરાષ્ટક અને ગુપ્ત રાસની પરની ટીકા પ્રમુખ છે.

શ્રીમદન મોહનલાલજી હાલ કામવનમાં પર બિરાજમાન છે. તેમનો પાટોત્સવ માગસર સુદ પાંચમ ના રોજ ઉજવાય છે. તેમનું સ્વર્ણિમ સ્વરૂપ બાંસુરી વાદન કરતા શ્રીકૃષ્ણનું છે. આપનું આ સ્વરૂપ સુવર્ણના આભુષણો, મુકુટ અને ફૂલોની માળા તેમજ જનોઈથી સુશોભિત છે. આપશ્રીનો ડાબો પગ સીધો અને જમણી બાજુ વળેલો છે. આપનો ડાબો પગ, જમણા પગની પાછળ સ્થિત છે. આપની ડાબી બાજુ શ્રીરાધાજી અને જમણી બાજુ શ્રીચંદ્રાવલીની બિરાજમાન છે.

**લઘુરાસ લીલા સમયની સ્વરૂપ ભાવના :-**

શ્રીયજ્ઞનારાયણ ભટ્ટજી દ્વારા યોજાયેલ ૩૧મા સોમયજ્ઞમા શ્રીમદન મોહનલાલજી પ્રભુએ સ્વયં અગ્નિની પવિત્ર જવાલામાંથી પ્રગટ થઈને કહ્યું હતું કે ''હું વૈશ્વનાર સ્વરૂપે (શ્રી વલ્લભાચાર્ય સ્વરૂપે) ત્યારે પ્રગટ થઈશ, જયારે પરિવારનો ૧૦૦ મો સોમયજ્ઞ સંપન્ન થશે. આમ કહીને આપશ્રી અંતર્ધ્યાન થઇ ગયા. આમ છતાં આ અગ્નિની પવિત્ર જવાળામાં તેઓએ પ્રગટ કરેલું સ્વરૂપ યથાવત રાખ્યું. શ્રી મહાપ્રભુજીના વંશજોમાં તેમના પુત્ર શ્રીઘનશ્યામજી તેમજ તેમના વંશજો દ્વારા હાલ પણ આ સ્વરૂપની સેવા સિદ્ધ થઇ રહી છે.

શ્રી ઘનશ્યામજી મહારાજે આ સ્વરૂપની પ્રથમ સ્થાપના અડેલમાં અને ત્યાર પછી મથુરા, ગોકુલ, અને જયપુરમાં કરી. શ્રીમદન મોહન લાલજી હાલ કામવનમા સ્થાપિત ખુબ જ સુંદર અને ભવ્ય મંદિરમાં બિરાજે છે. શ્રીગુંસાઈજી આ ઘટનાને લીલા તરીકે ગણે છે. તેમનો ભાવ વિવિધ પ્રકારની ''નિકુંજ લીલા'' તરીકે પ્રસ્થાપિત થયો છે. હજારો કામદેવને શરમાવે તેવા શ્રીમદન મોહન લાલજીના આ સુંદર સ્વરૂપના દર્શન કરીને આપણે પણ ભાવવિભોર થઇ જઈએ છીએ. તેઓ વાંસળી વગાડીને વૃજભક્તોને બોલાવી તેમનામાં શ્રીકૃષ્ણ સ્વરૂપ પ્રતિ આસક્તિ જન્માવે છે.

શ્રીમદન મોહન લાલજીનું આ અદભુત સ્વરૂપ શ્રીગુંસાઈએ સપ્તમ પીઠાધીશ્વર, તેમના યુવાન પુત્ર શ્રીઘનશ્યામ

લાલજી મહારાજને પધરાવી આપ્યું હતું. આમ આ સ્વરૂપ તેમનું સેવ્ય સ્વરૂપ બની રહ્યું. આ શ્રીઘનશ્યામ લાલજી મહારાજના પ્રવર્તમાન હાલના વંશજોમા શ્રીશ્યામ મનોહર લાલજી મહારાજ જામનગર અને વારાણસી સ્થિત રહીને શ્રીમદન મોહન લાલજીની સેવા થકી પુષ્ટિ સંપ્રદાયના સેવકોને પુષ્ટિરસપાન કરાવી, શ્રી પ્રભુની સેવામાં ઉન્મુખ કરી, સંપ્રદાયને આગળ વધારી રહ્યા છે.

શ્રીશ્યામ મનોહર લાલજીની નિશ્રામાં તેમની અધ્યક્ષતા નીચે, હાલ શ્રીમદન મોહન લાલજી યુગલ સ્વરૂપે, લગભગ ૧૪૦ વર્ષથી વઢવાણ સ્થિત હવેલીમાં બિરાજી, પુષ્ટિ ભક્તોને દર્શન સેવાનો અનન્ય લાભ આપી કૃતાર્થ કરતા રહ્યા છે. ગામના છેવાડે ભોગાવો નદીના કાંઠે સ્થિત આ મંદિર એટલું પ્રાચીન હોઈ તેના જીર્ણોદ્ધાર માટે અગાઉ ઘણા બધા પ્રયાસો થયા હતા. પણ ''યહ લીલ સબ કરત કન્હાઈ'' એ ન્યાયે શ્રી પ્રભુની ઈચ્છા વગર, પ્રયાસોને મૂર્ત સ્વરૂપ આપી શકાયું ન હતું.

''બલીયસી કેવલમ ઈશ્વરેછા'' એ ન્યાયે પ.પુ. ૧૦૮ શ્રીશ્યામ મનોહરલાલજીની આજ્ઞા અને પ્રેરણાથી મંદિરના હાલના પ્રધાન ટ્રસ્ટી શ્રી સુભાષભાઈ દંગી અને તેમની ટીમના અન્ય માનદ ટ્રસ્ટીઓ દ્વારા, વઢવાણ સ્થિત, આશરે ૧૪૦ વર્ષ જૂની હવેલીનો જીર્ણોદ્ધાર, અનેક વાદ વિવાદોના સંઘર્ષનો સામનો કર્યા પછી, થઈ રહ્યો છે, આ બાબત વઢવાણના પુષ્ટિ સંપ્રદાયના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થશે.

આ નવનિર્મિત મંદિરનું વાસ્તુ પૂજન કરવાનો સંકલ્પ, સંપ્રદાયની માન્ય પરંપરા મુજબ, તારીખ ૦૬.૦૬.૨૦૨૫ ના જેઠ સુદ ૧૧ (અગિયારસ) ના શુભ દિવસે નિર્ધારિત થયો છે તે આ પ્રસંગે આ લેખ લખવાની મને જે પ્રભુ પ્રેરણા થઇ છે તેને હું મારું અહોભાગ્ય માનું છું. અને તેને તેને મારા વાર્ધક્ય જીવનની એક અનુપમ ઉપલબ્ધિ માની કૃતાર્થ થાઉં છું. અસ્તુ.

## કંસારા ટાઈમ્સની વિકાસ ફંડની યાદી

| | |
|---|---|
| રૂા. ૧૦૦૦/- | ધોળકીયા કૃણાલ વસંતભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | ખાસી હેતલબેન ભાવેશભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા રાજેશ મધુસુદનભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | દંગી કૃણાલ અશોકભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | ધોળકીયા દિક્ષીતભાઈ બિપીનભાઈ - અમદાવાદ |
| રૂા. ૫૦૦/- | માવાણી જયદત સુધીરભાઈ - અમદાવાદ |
| રૂા. ૫૦૦/- | કડવાની નિશીત કીરીટભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૧૦૧/- | કંસારા કમલેશભાઈ મોહનલાલ શેઠ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા રમેશચંદ્ર જયંતીલાલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | ખાખી વિરલ પ્રવિણભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | પાવાગઢી મુકેશભાઈ રતીલાલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | સંઘવી પ્રદિપભાઈ એન. - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | ગોરડીયા ધ્રુવ જયસુખભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા ભાવિન મધુભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા અભિષેક અમરીષભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | ડૉ. અશ્વિન રસીકલાલ દંગી - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા ભાવિન ભુપતરાય - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા દિનેશભાઈ જયંતિલાલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા જીગરભાઈ નરેશકુમાર - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા રાજીવભાઈ મધુસુદનભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા કિરીટભાઈ કેશવલાલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | રાજેશભાઈ અમૃતલાલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કરથીયા પ્રવિણભાઈ જમનાદાસ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા હેમંતભાઈ ગોવિંદભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૧૩૫/- | શેઠ જય હર્ષદરાય - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | શેઠ વિનયકુમાર નવનીતલાલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | શેઠ નિલેષકુમાર નવનીતલાલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા વિપુલભાઈ કેશવલાલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | પિત્તલીયા કૃનાલ રાજેશભાઈ - વાપી |
| રૂા. ૧૦૦૦/- | કંસારા અરવિંદભાઈ ભોગીલાલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા અનિલકુમાર ભોગીલાલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | બુચ સંજય રમણીકલાલ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | ડૉ. ઉપેન્દ્રભાઈ કલાઈગર - સુરત |
| રૂા. ૧૦૦૦/- | પરમાર પ્રકાશભાઈ ચીનુભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | માવાણી ચિરાગ મહેન્દ્રભાઈ - બોટાદ |
| રૂા. ૧૦૦૦/- | કંસારા મણીભાઈ ભીખાભાઈ - અમદાવાદ |
| રૂા. ૧૦૦૦/- | કરથિયા જીતેન્દ્રભાઈ ખીમચંદભાઈ - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | સોની હિમાંશુભાઈ ભગવાનભાઈ - ઉપલેટા |
| રૂા. ૧૦૦૦/- | ખોખરા વાડીલાલ જમનાદાસ - વડોદરા |
| રૂા. ૧૦૦૦/- | બુચ મિલન એન. - વેરાવળ |
| રૂા. ૧૫૦૦૦/- | કંસારા જશુમતીબેન ચીમનલાલ - મહેસાણા |

પ્રમુખશ્રી
સી. કે. કંસારા
મંત્રીશ્રી
મેહુલ એન. ખાખી

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)

ટ્રસ્ટ રજી. નંબર : એ/૩૪૮૮/તા. ૩૧-૦૧-૧૯૯૮/અમદાવાદ

**રજી.પોસ્ટ એ.ડી.થી**

તા.

તા. ૦૫/૦૬/૨૦૨૫

પ્રતિ,
માનનીય અધ્યક્ષશ્રી,
અન્ય પછાત વર્ગ માટેનું પંચ,
બંગલા નં.૧૪ અને ૧૩/અ,
''ખ'' ટાઈપ, સેકટર-૧૯,
ગાંધીનગર-૩૮૨૦૧૯

**વિષય :-** (૧) **કંસારા જ્ઞાતિને અન્ય પછાત વર્ગમાં સમાવેશ કરવા બાબત. બાકી રહેલા કુટુંબ પત્રકોનો સર્વે ચાલુ કરવા બાબત.**
(૨) **અમારો તા.૦૩/૦૯/૨૦૨૩ નો સ્મૃતિ પત્ર.**
(૩) **અમારો તા.૧૪/૦૨/૨૦૨૫ નો સ્મૃતિ પત્ર.**

માનનીય સાહેબશ્રી,

સવિનય ઉપરોકત વિષય અંગે તારીખ ૧૦/૦૫/૨૦૨૩ ના રોજ આપ સાહેબ સાથે અમારી થયેલ મુલાકાત દરમ્યાન અમોએ અમારી જ્ઞાતિને અન્ય પછાત વર્ગમાં સમાવવા બાબતે લેખિત રજુઆત કરેલ છે. તેમજ આ અંગે આપ સાહેબ સાથે બાકી રહેલી કુટુંબ પત્રકો બાબતે વિસ્તૃત ચર્ચા કરેલ છે. ચર્ચાને અંતે આપ સાહેબ તરફથી બાકી રહેલા અંદાજે ૨૮૮૪ જેટલા કુટુંબ પત્રકોનું સર્વે કરવા માટે હકારાત્મક અભિગમ અપનાવી અમોને આ ફોર્મનો સર્વે વેળાસર કરવા હૈયા ધારણ આપેલ હતી. આ વિષય અંગે અમારા સંસ્થા/ટ્રસ્ટ ધ્વારા તારીખ ૩/૯/૨૦૨૩ ના પત્રથી તેમજ તા.૧૪/૦૨/૨૦૨૫ ના સ્મૃતિપત્રથી આપ સાહેબશ્રીને સ્મૃતિપત્રો પાઠવેલ છે. જેને ૧ વર્ષ કરતાં વધુ સમય વ્યતિત થયેલ હોવા છતાં તેમજ આ બાબતમાં આપ સાહેબની કચેરીમાં ફોન ધ્વારા સંપર્ક કરવા છતાં પણ આપ સાહેબ ધ્વારા અમારી રજુઆત બાબતે સર્વેની કામગીરી બાબતે આશાજનક કાર્યવાહી થયેલ નથી.. જેથી અમારી કારીગર વર્ગની પ્રજામાં ભારે નિરાશા વ્યાપી રહી છે.

જેથી, હવે આ બાબતે અમારી જ્ઞાતિના પ્રજાજનોને સમયસર ન્યાય મળે તે હેતુથી આપ સાહેબને વિનંતી સહ જણાવીએ છીએ કે, બાકી રહેલા ફોર્મનો વેળાસર સર્વે શરૂ કરાવવા માટે આપ નામદાર પંચ તરફથી ઘટતી કાર્યવાહી શરૂ થાય તેવી અમો નમ્ર વિનંતી કરી એ છીએ.

સર્વેની સામગીરી શરૂ કરવામાં આવશે તો, આપના પંચના અધિકારીશ્રીઓને્ મારી સંસ્થા દ્વારા જે તે ગામો પુરતો સહકાર આપવા માટે અમો ખાતરી આપીએ છીએ.

આ બાબતમાં અમો આપ સાહેબને વિશેષ રજુઆત કરવા માંગતા હોય અમોને રૂબરૂ મુલાકાત આપવા નમ્ર વિનંતી છે.

સંપર્ક :-

| | | |
|---|---|---|
| (૧) શ્રી સી.કે. કંસારા, | (૨) શ્રી ભરતભાઈ શેઠ, | (૩) શ્રી મેહુલભાઈ એન. ખાખી |
| પ્રમુખશ્રી | ટ્રસ્ટીશ્રી | મંત્રીશ્રી |
| મો.નં.:૯૮૨૫૨૩૮૮૬૧ | મો.નં.:૯૮૨૪૦૬૨૬૫૧ | મો.નં.:૯૮૨૫૬૦૩૫૭૩ |

કાર્યાલય : ૫૦૨, તુલીપ ટાવર-૨, પકવાન ડાઈનીંગ હોલ ઉપર, વી.એસ. હોસ્પિટલ સામે, એલિસ બ્રીજ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૬ ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૭૦

# જીવનની સાર્થકતા

- કમલેશ કંસારા (અમદાવાદ)

ભારતીય સંસ્કૃતિમાં પશ્ચિમનો પ્રભાવ એટલી હદે પ્રવેશી ગયો છે કે આપણા જન્મદિને કેક પર મૂકેલ મીણબતીને ફૂંક મારીને ઓલવીએ છીએ. આજે જન્મતીથિ ભુલાતી જાય છે અને જન્મ તારીખ યાદ રહે છે. એક સમય હતો જ્યારે વ્યક્તિ પોતાના જન્મ દિવસે ઈશ્વરના મંદિરમાં જઈને પોતાના દિધાર્યુની કામના કરતો હતો. સમય બદલાય છે. રીતરસમ બદલાય છે. પણ જીવનની અવસ્થાઓ બદલાતી નથી. મનુષ્યની અવસ્થાઓમાં શૈશવ, યૌવન અને વૃદ્ધાવસ્થા. શૈશવ અને વિસ્મયનો યૌવન ઉત્સાહનો અને વૃદ્ધાવસ્થાએ શાણપણનો સમય કહેવાય છે.

વય વધતા શાણપણ આવે એવું નથી હોતું, પરિપકવતા તો કોક જ વ્યક્તિને પ્રાપ્ત થાય છે. જો તમે ચોવીસ કલાક માત્ર તમારા ભૂતકાળને વાગોળ્યા કરશો તો સમજી જજો કે તેમ વૃદ્ધ થવા આવ્યા છો. શરીરની અવસ્થા જેટલી શારીરિક હોય છે તેટલી માનસિક પણ હોય છે. વિસ્મય, ઉત્સાહ અને શાણપણ દરેક પાસે હોય તેવું માની લેવાનું જરૂરી નથી. અકાળે વૃદ્ધ થતા યુવાનો પણ જોવા મળે અને વૃદ્ધાવસ્થામાં યૌવનની પ્રતિતિ આપતા વૃદ્ધો પણ મળી આવે છે. તન વૃદ્ધ થાય પણ મનમાં જોશ-ઉમંગ હોય તો માનવી વૃદ્ધ થતો અટકી જાય છે. આપણે બધા જાણીએ છીએ કે વૃદ્ધાવસ્થાનો વિકલ્પ માત્ર મૃત્યુ જ છે. જો વ્યક્તિને મૃત્યુ અને વૃદ્ધાવસ્થાએ બેમાંથી એકની પસંદગી કરાવની હોય તો તે વૃદ્ધાવસ્થા પસંદ કરશે.

લાંબુ જીવન જીવાના ફાયદાની સામે ગેરફાયદા પણ છે. વૃદ્ધાવસ્થાની મોટામાં મોટી કરૂણતા એ છે કે તમારી ઉંરના તથા તમારી આસપાસ રહેતા અનેક માણસો ક્રમશઃ મૃત્યુ પામતા જાય છે અને તમે એખલા - વધુ પડતા એકલવાયા થતા જાવ છો ! શરીર શિથિલ પડતું જાય છે એક પછી એક અવયવ મંદ પડતુ જાય છે. પરિવારના સભ્યોને તમારા અસ્તિત્વનો ખ્યાલ રહેતો નથી. તમારે માત્ર ઘરના એક ખૂણામાં કે પછી કોક ઘરડાં ઘરમાં પડેલ ખાટલામાં પસાર કરેલા જીવન પર વિચાર કરવાનો હોય છે. કોઈની પાસે તમારા ખબર-અંતર પૂછવાની ફૂરસદ પણ હોતી નથી. કોઈ માણશ કેટલું જીવન જીવે એના કરતાં કેવું જીવન જીવે એ મહત્વનું છે.

જન્મદિને ફૂંક મારીને મીણબતી ઓલવવા જેમ તાળીઓ પડે છે. તેવી જ રીતે જીવન દીપ બૂઝાતા જીવતી વ્યક્તિઓની આંખોમાંથી અશ્રુધારા પડે ત્યારે જ સમજવું કે આપણું જીવન સાર્થક બન્યું છે.

## સંઘવી પરિવાર તેમજ કંસારા સમાજનું ગૌરવ



**સર્વ જ્ઞાતિજનોને જણાવતા આનંદ થાય છે કે પ્રભુ શ્રી ગોપાલલાલ મહારાજની અસીમ કૃપા અને વડિલોના આશિર્વાદથી સિહોર નિવાસી કિરીટભાઈ બાબુભાઈ સંઘવી તથા રાજેશ્રીબેન કિરીટભાઈ સંઘવીની સુપુત્રી ચિ. પ્રિન્સી કિરીટભાઈ સંઘવી એ આણંદ ખાતે શ્રી બી.એન. પટેલ (સરદાર પટેલ યુનિવર્સીટી) માં ફિઝિયોથેરાપીનો ઉચ્ચ અભ્યાસ કરી પોતાના અથાગ પરિશ્રમ અને સખત પ્રયાસોથી ૩ જૂન ૨૦૨૫ના રોજ ડૉકટરની ડિગ્રી હાંસલ કરેલ છે.**

**શુભેચ્છકો**
